અપીલ અરજી નં.૨૬૨ તા.૮/૧૮–૧૨–૦૮/૦૯

અરજદારઃ શ્રી ઓસ્ટીન વોલ્ટર કોન્ટ્રાકટર
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઓસ્ટીન વોલ્ટર કોન્ટ્રાકટરની તા.૨૬–૮–૦૮ની અરજીથી ટેના નં.૧૬ડી–૧૯–૨૭૧૫–૦–૦૦૧ પ્લોટ નં.૭૩ કીર્તીનગરના કબ્જેદાર તરીકે રીટા અરવિંદ માસ્તરના નામે જે દસ્તાવેજી પુરાવાના આધારે પ્લોટ ટ્રાન્સફર કરવામાં આવ્યો હોય તેવા તમામ દસ્તાવેજી પુરાવાની પ્રમાણિત નકલો આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૮/૧૮–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૬૨/૨૦૦૮–૦૯

શ્રી ઓસ્ટીન વોલ્ટર કોન્ટ્રાકટરની તા.૨૬–૮–૦૮ની અરજીથી ટેના નં.૧૬ડી–૧૯–૨૭૧૫–૦–૦૦૧ પ્લોટ નં.૭૩ કીર્તીનગરના કબ્જેદાર તરીકે રીટા અરવિંદ માસ્તરના નામે જે દસ્તાવેજી પુરાવાના આધારે પ્લોટ ટ્રાન્સફર કરવામાં આવ્યો હોય તેવા તમામ દસ્તાવેજી પુરાવાની પ્રમાણિત નકલો આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનના પત્ર નં.આરટીઆઈ/આ.નં.૧૯૪ તા.૨૪–૧૧–૦૮ થી આપેલ માહિતી અધુરી તેમજ નિયત સમય અવધિ બાદ જવાબ આપેલ હોવાના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮/૧૮–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૮૫ તા.૨૦–૧૨–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ વિશેષ માહિતી પૂરી પાડેલ નથી. કે માહિતીના ઈન્કાર અંગે કોઈ અપવાદ રજુ કરેલ નથી. પરંતુ અરજદારને પાઠવેલ માહિતી પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની મુળ અરજીમાં ટેના નં.૧૬ડી–૧૯–૨૭૧૫–૦–૦૦૧ પ્લોટ નં.૭૩ કીર્તીનગરના કબ્જેદાર તરીકે રીટા અરવિંદ માસ્તરના નામે જે દસ્તાવેજી પુરાવાના આધારે પ્લોટ ટ્રાન્સફર કરવામાં આવ્યો હોય તેવા તમામ દસ્તાવેજી પુરાવાની પ્રમાણિત નકલો આપવા જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ નં.૧૯૪ તા.૨૪–૧૧–૦૮ થી નકલ શાના આધારે ટ્રાન્સફર થયેલ છે તેના અત્રેના રેકર્ડ તપાસતાં ઉપલબ્ધ થયેલ નથી. એસેસમેન્ટની નકલ આ સાથે સામેલ છે તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ. અરજદારે અપીલ અરજીમાં માહિતી નિયત સમય અવધિ બાદ તેમજ ઓપન પ્લોટ નં.૭૩ માં કબ્જેદાર તરીકે રીટા અરવિંદ માસ્તર નામની વ્યકિતનું નામ દાખલ કરેલ હોવાનું જણાવેલ છે. તેમજ માલીકના નામ ફેરફાર અંગેના દસ્તાવેજી પુરાવાની નકલ આપેલ નહીં હોવાનું જણાવેલ.

જાહેર માહિતી અધિકારીએ અરજદારને માહિતી સાથે એસેસમેન્ટ રજીસ્ટરની નકલ મોકલેલ છે જેની નકલ અરજદારે અત્રે રજુ કરેલ છે. તે જોતાં FBT/499 તા.૩૦–૧૧–૨૦૦૦ થી નામ ફેરફાર થયેલ જણાય છે. જાહેર માહિતી અધિકારીએ દફતર ઉપલબ્ધ નહીં હોવા અંગે દફતર નિકાલના નિયમોની સંદર્ભમાં નિકાલની પ્રક્રિયાનો કોઈ હવાલો રજુ કરેલ નથી કે નિકાલના કોઈ આધાર રજુ કરેલ નથી જે દફતર વર્ગીકરણના નિયમો અને પ્રક્રિયા હેઠળ કાયમી સંદર્ભ છે.

## ***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૨૬–૮–૦૮ ની અરજી બાબતે માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહીં પૂરી પડાયેલ માહિતી અંગે સંદર્ભ તુમાર અને તેના આનુષાંગિક કાગળો અંગે જરૂર જણાયે સાધનિક દફતરનું ઈન્સપેકશન પુરું પાડવા સહિતની દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટના કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી ( રાંદેર ઝોન )....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ઓસ્ટીન વોલ્ટર કોન્ટ્રાકટર,